પત્રિકા ૧૩૫

# ચિરાગે હિદાયત

૧/૧૨/૧૭
૧૧ ર.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૪ ર.અવ્વલ – યઝીદ(લ.અ.) જહન્નમવાસીલ થયો.

૧૭ ર.અવ્વલ – વિલાદતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ) / વિલાદતે હઝરત ઈમામ સાદિક(અ.સ.)

૧૮ ર.અવ્વલ – વિલાદતે જનાબે ઉમ્મે કુલ્સુમ(સ.અ.)

## એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનોથી બેઝારી

**“અને જે સ્વપન અમે તમને દેખાડયું છે અને તે ઝાડ (શજરે મલઉન) કે જેની ઉપર કુરઆનમાં લાનત કરવામાં આવી છે તેને પણ લોકો માટે કસોટીનું માધ્યમ બનાવામાં આવ્યું છે.”** *(સૂરએ બની ઈસરાઈલ, આયત નં.૬૦)*

આ આયતની તફસીરમાં લખવામાં આવ્યું છે કે એક દિવસ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ સ્વપનમાં જોયું કે અમુક લોકો વાંદરાઓની જેમ તેમના (સ.અ.વ.)ના મીમ્બર ઉપર કુદી રહયા છે. આ સ્વપનથી પયગંબર(સ.અ.વ.) ઉપર એટલી અસર થઈ કે અંતિમ સમય સુધી હસ્યા નહીં. *(તફસીરે તબરી : ૧૧૫/૧૭, દુર્રે મન્સુર : ૪/૧૧૯)*

જયારે આ આયત બાબતે ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.)ને સવાલ કરવામાં આવ્યો તો આપ(અ.સ.)એ ફરમાવ્યું કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જોયું હતું કે કેટલાક લોકો તેમના મીમ્બર ઉપર બેઠા હતા અને લોકોને ગુમરાહ કરી રહ્યા હતા અને જે ઝાડ ઉપર કુરઆનમાં લાનત કરવામાં આવી છે એટલે કે શજરે મલઉનથી મુરાદ બની ઉમય્યા છે.

હ.આયશાએ મરવાન બિન હકમને કહ્યું કે મેં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે કે તેમણે ફરમાવ્યું કે “મલઉનના વંશનો અર્થ તમે લોકો છો.” *(દુર્રે મન્સુર-૪/૧૯૧)*

મરવાન બિન હકમ બની ઉમય્યાના વંશથી હતો અને યઝીદ(લ.અ.) પણ બની ઉમય્યાની જ એક વ્યક્તિ છે.

તફસીરે અય્યાશીમાં હઝરત ઈમામ મોહંમદ બાકીર(અ.સ.)થી મનકુલ છે કે જે શજરે મલઉન ઉપર કુરઆને લાનત આપી છે તેનાથી મુરાદ બની ઉમય્યા છે. *(તફ.નુરૂસ્સકલૈન, પે.૨૩૫)*

એટલે કે આ આયત બે ચીજો તરફ આપણું ધ્યાન દોરી રહ્યું છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના મીમ્બરનો દુરૂપયોગ કરનાર પણ બની ઉમય્યા જ હશે અને અલ્લાહે તેમની ઉપર લાનત કરી છે.

આથી સ્પષ્ટ સાબિત થાય છે કે યઝીદ(લ.અ.) ઉપર અને એહલેબૈત(અ.મુ.સ.)ના તમામ દુશ્મનો ઉપર લાનત કરવી અલ્લાહની સુન્નત છે.

મોઆવીયાએ યઝીદને પોતાનો જાનશીન અને વલી અહદ બનાવ્યો અને તેની ખિલાફતની જાહેરાત કરી દીધી. સન ૬૦ હિજરીમાં મોઆવીયાના મૃત્યુ પછી યઝીદ ખિલાફતના હોદ્દા ઉપર આવ્યો અને પછી તેણે શું કારનામાઓ અંજામ આપ્યા તેની એક નજર કરીએ.

*૧) સન ૬૧ હિજરી* – કરબલાનો બનાવ કે જે ઈતિહાસના દીલ ઉપર એક ડાઘ મૂકતી ગઈ.

*૨) સન ૬૩ હિજરી* – વાકએ હર્રા

મદીના પાસે હુર્રા નામની એક જગ્યા છે જયાં ૬૩ હિજરીમાં યઝીદ(લ.અ.)ના સિપાહીઓએ કત્લો ગારતગીરી, લૂંટમાર અને બદકારીનું બજાર ગરમ કર્યુ હતું.

યઝીદ(લ.અ.)એ મુસ્લીમ બિન ઉકબાની સાથે એક ખુંખાર લશ્કર મોકલી મદીનતુલ રસૂલમાં એવા ભયાનક શરમનાક કાર્યો કર્યા કે જેની સરખામણી વહેશી અને જંગલી કૌમ સાથે પણ ન કરી શકાય.

તબરી તેના ઈતિહાસમાં લખે છે કે યઝીદ(લ.અ.)એ આ લશ્કર માટે મદીનાને ત્રણ દિવસ માટે હલાલ કરી દીધું હતું. જેના કારણે આ લશ્કરે સૌથી વધુ શરમજનક અને નિર્લજ્જ કાર્ય એ કર્યુ કે સ્ત્રીઓ અને છોકરીઓ ઉપર બળાત્કાર કર્યા જેના કારણે અસંખ્ય નાજાએઝ બાળકો જન્મયા. *(તારીખુલ ઓમમ, હી.સ. ૬૩)*

*૩) આ જ રીતે હી.સ. ૬૪*ના બનાવોમાં પણ યઝીદ મલઉનના એક અત્યાચારી અને દીલમાં ધુમરી પૈદા કરે તેવા બનાવની ઈતિહાસે નોંધ લીધી છે. આ બનાવમાં યઝીદના લશ્કરે ખાનએ કાબા ઉપર આગના ગોળા વરસાવ્યા અને પરિણામે ખાનએ કાબાને નુકસાન પહોંચાડયું. *(મસઉદી કૃત, પેજ નં. ૨/૭૦)*

આટલું જ નહીં કરબલાના બનાવ પછી યઝીદ(લ.અ.)એ ઈબ્ને ઝિયાદને બોલાવ્યો અને ભેટો આપી અને ગાનારી સ્ત્રીઓને હુકમ કર્યો કે ગીત સંભળાવે અને તેને શરાબ પીવરાવે.

આ બધા જ વાકેઆત એ વાતની ગવાહી આપે છે કે યઝીદ(લ.અ.) દીને ઈસ્લામને માનનારો ન હતો અને પયગંબર(સ.અ.વ.) સાથે દુશ્મની રાખતો હતો અને તેથી જ આલે રસૂલ(અ.મુ.સ.) ઉપર તેણે ઝુલ્મ કર્યા. એટલું જ નહીં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના શહેર મદીનાના લોકો પર અત્યાચાર અને ખાનએ કાબાની બેહુરમતી તેનું કુફ્ર જાહેર કરે છે.

હવે આ બધુ જાણ્યા પછી કઈ ઝબાન કે કલમ યઝીદ(લ.અ.)ની તરફેણ કરી શકે અને તેના બચાવમાં એવું બયાન કરે કે યઝીદ(લ.અ.)એ પોતાના કાર્ય ઉપર પસ્તાવો કર્યો અને યઝીદને માફ કરવામાં આવશે. કોઈ સાચો મુસલમાન તો શું દુનિયાની કોઈપણ વ્યક્તિ આ વાતથી સહમત ન થઈ શકે સિવાય કે તે 'શજરે મલઉન'થી હોય.

આવો! આપણે પણ એહલેબૈત(અ.મુ.સ.)ની ખુશીમાં ખુશી મનાવીએ અને તેમના દુશ્મનોથી બેઝારી કરીએ.

ઈસ્લામના એહલે સુન્નતના ચાર (સુન્ની) ઈમામો પૈકી મશહુર ઈમામ અહમદ ઈબ્ને હમ્બલે તેમના પુત્રને નસીહત ફરમાવતા લખ્યું છે કે ''**અય મારા પુત્ર! યઝીદ ઉપર લઅનત કરવાવાળા જ ખુદા ઉપર પોતાના ઈમાનને બાકી રાખી શકે છે.**''

*(અલ મુન્તઝર-૧૪૧૮, પે.૨૦)*

હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)એ ફરમાવ્યું ''**દીનની કમાલ (સંપૂર્ણતા) અમારી વિલાયત અને અમારા દુશ્મનોથી બેઝારી છે.**'' *(બેહાર, પે.૫૮, હ.૧૯)*

## હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને ઈમામ સાદીક(અ.સ.)

બીજી મુનાસેબત ૧૭ રબીઉલ અવ્વલ વિલાદતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને ઈમામ સાદિક(અ.સ.) છે. બંને એવી મઅસુમ શખ્સીય્યત છે કે જેમાં ઘણી સામ્યતા મૌજૂદ છે જેમકે બંનેનો લકબ 'સાદીક' છે. બંને પોતાના ઝમાનામાં સૌથી વધારે સાચા વ્યક્તિ હતા.

આ બંને માઅસુમ(અ.મ.સ.)એ ઈસ્લામનો ખુબજ ફેલાવો કર્યો છે. જેવી રીતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ પોતાના ઈલ્મથી લોકોના દિલોને જીતી લીધા તેવી જ રીતે ઈમામ સાદીક(અ.સ.)એ પણ ખુબજ ઈલ્મ ફેલાવ્યું. કારણ કે ઈસ્લામની તાલીમ અને તબ્લીગની જવાબદારી અઈમ્મએ મઅસુમીન(અ.મુ.સ.)ની હતી કે જે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના વારસદારો હતા. સમયના ઝંઝવાતો અને અનેક મુશ્કેલીઓમાં પણ આ જવાબદારી તેમણે અદા કરી છે.

ઈમામ(અ.સ.)એ પોતાની ઝિંદગી દરમિયાન લોકોને કેટલીક અમુલ્ય વાતોથી આગાહ કર્યા. આપ ફરમાવતા હતા કે ''તે લોકો જ અમને માનવાવાળા છે કે જેઓ ભૂખ્યા હોય તો પણ લોકો આગળ સવાલ કરે નહીં અને પછી ફરમાવતા કે તમારામાંથી તે માણસ કે જે જંગલમાં જઈ લાકડા વીણી લાવીને પોતાની રોઝી મેળવે છે તેઓ તે કરતા ઉત્તમ

છે કે જે લોકોની પાસે પોતાની જરૂરીયાત માટે સવાલ કરતો ફરે, પછી ભલે તે માણસને કંઇ પણ મળે અથવા ન મળે.''

હઝરત ઈમામ જાફર સાદીક(અ.સ.)એ એક માણસે પૂછ્યું કે ''તમે શું ધંધો કરો છો અને તમારી રોઝી કેવી રીતે મેળવો છો?'' તે માણસે કહ્યું કે ''હું કંઇ જ કરતો નથી.'' આપે ફરમાવ્યું કે એક દુકાન રાખી લો અને તેના ચોગાનને સાફ કરીને, પાણી છાંટીને, બીછાનું પાથરીને તેના ઉપર બેસી જાઓ. જ્યારે તમે આટલું કરશો તો તમે તમારો હક અને ફરજ અદા કરી કહેવાશે અને અલ્લાહ તમને ઈન્શાલ્લાહ રોઝી આપશે.''

ઈમામ(અ.સ.)ની ઝિંદગીમાં આવા ઘણા જ વાકેઆત જોવા મળે છે જેના દ્વારા ઈમામ(અ.સ.)એ તેમના માનવાવાળાને સદકો, સીલે રહેમી, અલ્લાહનો શુક્ર, મોઅમીનની મદદ તથા મહેમાન નવાઝી વિગેરેની તાલીમ આપી.

ઈમામ(અ.સ.)ના એક સહાબી અબુ હમઝા શીમાલી બયાન કરે છે કે એક દિવસ તેઓ ઈમામ(અ.સ.)ના દસ્તરખ્વાન ઉપર ખાણું ખાઇ રહ્યા હતા. સુફરા ઉપર જાતજાતની નેઅમતો હતી. બધા જમ્યા અને ત્યારબાદ ખજુર આવી. બધાએ તે પણ ખાધી, ત્યારે ત્યાં હાજર સાથીદારોમાંથી એક વ્યક્તિએ કહ્યું કે ''તમારે કયામતના દિવસે આ જાતજાતની નેઅમતો જે જમી રહ્યા છો તેનો જવાબ દેવો પડશે.'' ત્યારે ઈમામ(અ.સ.)એ તેને કહ્યું કે ''અલ્લાહ જે મોટો મહાન, શક્તિશાળી અને ગની છે. જે ખાણું તમારા ગળાની નીચે ઉતરી રહ્યું છે તેનો હિસાબ તમારી પાસેથી લે?'' તે શખ્સે કહ્યું કે ''અલ્લાહે પોતે કુરઆને શરીફમાં ફરમાવ્યું છે - વલા તસ્સલુન્ના યવ્મએઝીન અનિન નઈમ.'' આપ(અ.સ.)એ ફરમાવ્યું ''આ આયતમાં નેઅમતથી મુરાદ અમો એહલેબૈત(અ.મુ.સ.)ની મોહબ્બત છે અને કયામતના દિવસે પણ આ જ નેઅમત વિષે સવાલ કરવામાં આવશે કે તમે તે નેઅમતે ઈલાહીની શું કદર કરી અને તેમની સાથે કેવો વર્તાવ કર્યો?''

અલ્લાહ આ જ નેઅમત માટે ફરમાવે છે **અલયવ્મો અકમલ્તો લકુમ દીનકુમ વઅત્મમ્તો અલયકુમ નેઅમતી** અને તેનાથી મુરાદ ઈમામતની નેઅમત છે. ઈમામનું વજુદ અને તેમની મોહબ્બત જરૂરી છે.

આવો! આપણે દુઆ કરીએ કે અલ્લાહ આપણને આપણા ઝમાનાના ઈમામ(અ.સ.)ની નેઅમત અતા કરે અને તેમના ઝહુરમાં જલ્દી કરે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com